# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નામિબિયાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરાયા.
2) ભારત અને નામિબિયા વચ્ચે ઉદ્યોગ સાહસિક વિકાસ કેન્દ્રની સ્થાપના સાથે સંબંધિત સમજૂતી કરાર થયા.
3) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાત સહિત 3 રાજ્યની સહકારી સમિતિઓની મહિલાઓ સાથે સંવાદ કર્યો
4) ગુજરાતના વડોદરામાં પાદરા નજીક પુલ દુર્ઘટનામાં 9 નાં મોત – કેન્દ્ર અને રાજ્ય સરકાર મૃતકોના પરિજનો અને ઇજાગ્રસ્તોને સહાય આપશે
5) ભારત અને આયર્લેન્ડની પુરુષ હોકી ટીમ વચ્ચે આજે રાત્રે મુકાબલો.

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM NAMIBIA VISIT

નામિબિયામાં ભારત અને નામિબિયાએ આજે ઉદ્યોગસાહસિક વિકાસ કેન્દ્રની સ્થાપના અને આરોગ્ય તથા દવા અને ઔષધ ક્ષેત્રે સહયોગ પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. આ પ્રસંગે C.D.R.I. અને વૈશ્વિક જૈવ ઈંધણ ગઠબંધનમાં નામિબિયાને સામેલ થવા સ્વીકૃતિપત્ર રજૂ કરાયા.

નામિબિયાના પાટનગર વિન્ડહૉકના સ્ટૅટહાઉસ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નામિબિયાનાં રાષ્ટ્રપ્રમુખ નેતુમ્બો નંદી-નદૈતવાહ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરના સંવાદ બાદ કરાર કરાયા. પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, તેમણે નામિબિયાનાં રાષ્ટ્રપ્રમુખ સાથેનાં સંવાદ દરમિયાન બંને દેશના સંબંધોની વ્યાપક પહેલોની સમીક્ષા કરી. તેમણે કહ્યું, ડિજિટલ ટેક્નિક, સંરક્ષણ, સલામતી, ખેતી, આરોગ્ય સેવા, શિક્ષણ અને મહત્વના ખનીજ ક્ષેત્રમાં સહકાર પર ચર્ચા થઈ.

પ્રધાનમંત્રી મોદીએ વિન્ડહૉકમાં રાષ્ટ્રીય સ્મારક હીરોઝ એકર ખાતે નામિબિયાના સંસ્થાપક સ્વર્ગીય ડૉ. સેમ નુજોમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

અમારાં સંવાદદાતા અપર્ણા ખૂંટે જણાવ્યું, દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં યોગદાન બદલ શ્રી મોદીને નામિબિયાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર “ઑર્ડર ઑફ ધ મૉસ્ટ એન્શિએન્ટ વેલ્વિત્ચિયા મિરાબિલિસ”થી સન્માનિત કરાયા. નામિબિયાનાં રાષ્ટ્રપ્રમુખ ડૉ. નેતુમ્બો નંદી-નદૈતવાહે શ્રી મોદીને આ પુરસ્કાર એનાયત કર્યો. શ્રી મોદીએ આ સન્માન બદલ નામિબિયાનો આભાર વ્યક્ત કર્યો.

(BYTE- PM MODI THANKS)

શ્રી મોદી નામિબિયાની સંસદને પણ સંબોધિત કરશે, જે બંને દેશ વચ્ચે વર્તમાન સંબંધમાં મહત્વની ક્ષણ હશે. શ્રી મોદીનો દક્ષિણ આફ્રિકન દેશ નામિબિયાનો આ પહેલો પ્રવાસ છે અને અંદાજે ત્રણ દાયકા બાદ કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ ત્રીજો પ્રવાસ છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ દેશના પ્રવાસના અંતિમ તબક્કામાં આજે સવારે નામિબિયા પહોંચ્યા હતા.

. . . . . . . . .

## AMIT SHAH SAMWAAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષ નિમિત્તે આજે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સહકારી સમિતિઓ સાથે સંકળાયેલી મહિલાઓ અને અન્ય કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો. દરમિયાન કચ્છનાં ઊંટ ઉછેરક માલધારી સહકારી સમિતિનાં મિરલબેન રબારીએ ઊંટના દૂધનું રાસાયણિક પરીક્ષણ અને સંશોધન કરવા અનુરોધ કર્યો. શ્રી શાહે કહ્યું, ઊંટના દૂધના ઔષધીય ગુણનું પરીક્ષણ કરી રહેલી ચાર આયુર્વેદિક કંપનીમાંથી એકનું કામ પૂર્ણ થયું છે.

**(BYTE- AMIT SHAH ON CAMEL MILK)**

શ્રી શાહે ઉમેર્યું, ગુજરાત અને રાજસ્થાન સરકાર સાથે મળીને દેશભરના ઊંટ ઉછેરક પાસેથી દૂધ એકત્રિત કરવા અને તેના ઔષધીય ગુણોનો ઉપયોગ કરીને વધુ કિંમત મેળવવાનું આયોજન કરી રહી છે.

(BYTE- AMIT SHAH ON DAIRY)

. . . . . . . . .

# BRIDGE COLLAPSED

ગુજરાતના વડોદરા જિલ્લામાં પાદરા નજીક આજે સવારે ગંભીરા પુલનો એક ભાગ  તૂટી પડતા નવ લોકોના મોત થયા. જ્યારે નવ લોકોને બચાવીને પાંચને સારવાર માટે ખસેડાયા છે. માર્ગ અને પરિવહન રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું મુખ્યમંત્રીએ ઉચ્ચ સ્તરીય સમિતિને ઘટના સ્થળે મોકલી છે.

ઘટના બાદ વડોદરા જિલ્લા વહીવટીતંત્ર સહિત સ્થાનિક અધિકારીઓએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી.

દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દુર્ઘટના અંગે તપાસના આદેશ આપ્યા હતા. બેઠકમાં તેમણે પૂલ તૂટી પડવા અંગે અધિકારીઓ પાસેથી પ્રાથમિક અહેવાલ પણ માંગ્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું. શ્રી મોદીએ સોશિયલ મિડિયા સંદેશમાં જણાવ્યું મૃતકોના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ- P.M.N.R.F. માંથી બે લાખ અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય અપાશે. જ્યારે મુખ્યમંત્રીએ જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિના વારસદારને ચાર લાખ અને ઈજાગ્રસ્તોને 50 હજાર  રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી તેમજ તમામ સારવાર વ્યવસ્થા પણ રાજ્ય સરકાર દ્વારા કરાશે, તેમ પણ કહ્યું.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PRADHAN IIT WORKSHOP

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, દેશમાં શૈક્ષણિક જ્ઞાનને સામાજિક કલ્યાણ સાથે જોડીને સમાજની મહત્વાકાંક્ષાઓ અને ઊર્જા જરૂરિયાત પૂર્ણ કરનારી અદ્યતન વ્યૂહરચના બનાવવાની જરૂર છે. શ્રી પ્રધાન આજે નવી દિલ્હીમાં ભારતીય ટેક્નોલૉજી સંસ્થા- I.I.Tમાં “ભવિષ્ય માટે તૈયાર ઊર્જા શિક્ષણ – તક અને પડકાર” વિષય પર રાષ્ટ્રીય કાર્યશાળાને સંબોધી રહ્યા હતા.

શ્રી પ્રધાને કહ્યું, ભારત વર્ષ 2070 સુધી શૂન્ય કાર્બન ઉત્સર્જન ધરાવતી ઊર્જા પ્રાપ્ત કરવાની દિશામાં અગ્રેસર છે. શિક્ષણ મંત્રીએ કહ્યું, ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઊર્જા ગ્રાહક છે, જ્યાં પ્રતિ વ્યક્તિ ઊર્જા ખપત માત્ર એક-તૃત્યાંશ છે. તેમણે કહ્યું, આ સંમેલન ઊર્જા શિક્ષણ માટે એક ભવિષ્યનો માર્ગ મોકળો કરવા જરૂરી પહેલ છે. આ પહેલ ઊર્જા

શિક્ષણને એકંદર શૈક્ષણિક અભ્યાસક્રમ સાથે સંકલિત કરવાની લાંબી સફરનો પાયો સાબિત થશે તેવો વિશ્વાસ પણ શ્રી પ્રધાને વ્યક્ત કર્યો.

..........

# IAF PLANE CRASH

ભારતીય વાયુસેનાનું જગુઆર ટ્રેનર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાનું કારણ જાણવા તપાસ દળ બનાવાયું છે. રાજસ્થાનના ચુરુ પાસે એક નિયમિત ટ્રેનર મિશન દરમિયાન આ વિમાન આજે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જોકે, આ ઘટનામાં 2 પાયલટને ગંભીર ઈજા પહોંચી છે. જ્યારે કોઈ પણ નાગરિક સંપત્તિને કોઈ નુકસાન નથી થયું.

..........

# VC SUMMIT

ગુજરાતમાં નર્મદાના કેવડિયામાં આવતીકાલથી કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલયોના કુલપતિઓનું બે દિવસનું સંમેલન યોજાશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના પાંચ વર્ષના અમલીકરણ અંતર્ગત યોજાનારું આ સંમેલન કુલપતિઓને સંસ્થાકીય વિકાસની સમીક્ષા કરવા અને સામૂહિક રીતે આગળની વ્યૂહરચના નક્કી કરવા એકસાથે લાવશે. શિક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત સંમેલનમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ ભાગ લેશે.

સંમેલનના પરિણામ ભારતમાં ઉચ્ચ શિક્ષણના ભવિષ્યને ઘડવા અને વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત બનવાના દેશના સામૂહિક દ્રષ્ટિકોણને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા નિભાવશે.

..........

# AMARNATH YATRA

શ્રી અમરનાથજી યાત્રા, દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં નુનવાન-પહલગામ અને મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં બાલતાલ આધાર શિબિર માર્ગથી યોગ્ય રીતે ચાલી રહી છે.

ધાર્મિક ઉત્સાહ વચ્ચે આજે સાતમા દિવસે બપોર સુધી એક લાખ 21 હજારથી વધુ યાત્રાળુઓએ પવિત્ર ગુફામાં દર્શન કર્યા. દરમિયાન 302 વાહનોમાં સાત હજાર 579 યાત્રાળુનું આઠમું જૂથ આજે સવારે ભગવતીનગર જમ્મુ આધાર શિબિરથી દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના નુનવાન-પહલગામ અને મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના બાલતાલમાં આવેલી પોતપોતાની આધાર શિબિર માટે રવાના થયું.

બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યાત્રાળુઓ  શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ પર કાશ્મીર ક્ષેત્રમાં પોતાની આધાર શિબિર સુધી જાય છે.

.........

# INDIA IRELAND HOCKEY

નેદરલૅન્ડ્સમાં, ભારત-એ પુરુષ હૉકી ટીમે આયર્લૅન્ડ સામે 6-1 થી ભવ્ય વિજય મેળવીને પોતાના યુરોપ પ્રવાસનો આરંભ કર્યો. મુકાબલામાં આયર્લૅન્ડ માત્ર એક જ ગૉલ કરી શક્યું. હવે સ્પર્ધામાં આજે ભારતીય ટીમ આયર્લૅન્ડ સામે રમશે. ભારતીય સમય મુજબ આ મૅચ રાત્રે સાડા નવ

વાગ્યે રમાશે. ભારત આ મુકાબલો જીતીને સ્પર્ધામાં પોતાના વિજયી અભિયાન જાળવી રાખવા મેદાનમાં ઉતરશે.

. . . . . . . . .

# WEATHER

ભારતીય હવામાન વિભાગે મધ્ય ભારતમાં આગામી બે દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. આકાશવાણી સમાચાર સાથેની વિશેષ વાતચીતમાં હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉક્ટર આર. કે. જેનામણિએ કહ્યું, આગામી બે દિવસ સુધી ઉત્તર ભારતમાં અતિભારે વરસાદની પણ આગાહી છે. તેમજ દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રે મધ્ય વરસાદ થઈ શકે છે.

. . . . . . . . .